# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-02-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :TUESDAY** **National News**

### આકાશવાણી સમાચાર નિકિતા શાહ વાંચે છે.

****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે નવી દિલ્હી ખાતે જમ્મુ-કાશ્મીરમાં સલામતી વ્યવસ્થા અંગેની સમીક્ષા બેઠક યોજાશે.
2) કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, અંદાજપત્રમાં 100 નવી અમૃત ભારત ટ્રેનને મંજૂરી આપવામાં આવી.
3) ભૂતાનના નરેશ જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક આજે પ્રયાગરાજના ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવશે.
4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે મૅક્સિકો પર લગાવેલા ટેરિફને એક મહિના માટે મુલતવી રાખ્યો
5) સિંગાપુરમાં આજે રમાનારી વિશ્વ ટેનિસ સ્પર્ધાની પ્રિ ક્વાર્ટર ફાઈનલમાં ભારતીય જોડી મેક્સિકો સામે રમશે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RS MOTIONS OF THANKS

સંસદના બંને ગૃહમાં આજે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા ફરી શરૂ કરશે. રાજ્યસભામાં ગઈકાલે આ અંગે ચર્ચા શરૂ કરતા ભારતીય જનતા પાર્ટીનાં કિરણ ચૌધરીએ સરકારે ખેડૂતોની આવક બમણી કરવા અનેક પગલાં લીધા હોવાનું જણાવી કહ્યું, દેશ હવે ખરેખર વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યો છે.

ચર્ચામાં ભાગ લેતા વિરોધ પક્ષના નેતા અને કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ બેરોજગારી, ચીજવસ્તુઓના વધતા ભાવ અને અમેરિકન ડૉલર સામે ભારતીય રૂપિયાના ઘટતા મૂલ્યનો મુદ્દો ઉઠાવ્યો હતો.

દરમિયાન કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે શ્રી ખડગેના ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા હોવાના આક્ષેપને નકારી કાઢ્યા અને વિપક્ષી નેતા પર મહાકુંભ ઘટના અંગે રાજનીતિ કરવાનો પણ આક્ષેપ લગાવ્યો. જ્યારે  તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના સાંસદ ડેરેક ઓ'બ્રાયને કૃષિ, બેરોજગારી અને મહિલા અનામતના મુદ્દાઓ ઉઠાવ્યા.

# LS MOTION OF THANKS

સંસદના સંયુક્ત અધિવેશનમાં રાષ્ટ્રપતિનાં અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ગઈકાલે લોકસભામાં ચર્ચા થઈ. દરમિયાન વિરોધ પક્ષના નેતા અને કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિનાં સંબોધનની ટીકા કરી હતી. તેમણે બેરોજગારીના મુદ્દા પર ચિંતા વ્યક્ત કરતા એ વાત પર ભાર આપ્યો કે, દેશનું ભવિષ્ય યુવાનોના હાથમાં છે. શ્રી ગાંધીએ કુલ ઘરેલું ઉત્પાદન- GDPમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો 15.3 ટકાથી ઘટીને 12 ટકા થવા અંગે પણ સવાલ ઉઠાવ્યો હતો.

આ પહેલા ભારતીય જનતા પાર્ટીના સાંસદ રામવીર સિંહ બિધૂડીએ ધન્યવાદ પ્રસ્તાવ રજૂ કરતા જનકલ્યાણની યોજનાઓ સહિત નરેન્દ્ર મોદી સરકારની સિદ્ધિઓ ગણાવી. તેમણે દિલ્હીમાં આમ આદમી પાર્ટી સરકાર પર પ્રહાર કર્યા હતા.

**(બાઈટઃ રામવીર સિંહ બિધૂડી, સાંસદ, ભાજપ)**

ભારતીય જનતા પાર્ટીના સાંસદ રવિશંકર પ્રસાદે પણ કૉંગ્રેસ પર પ્રહાર કર્યા. જ્યારે અન્ય સાંસદોએ ચર્ચામાં પોતાના મુદ્દા રજૂ કર્યા હતા.

દરમિયાન ગૃહને આજે સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરાયું છે.

# AMIT SHAH JK MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે નવી દિલ્હીમાં જમ્મુ-કાશ્મીરમાં સલામતી વ્યવસ્થા અંગેની સમીક્ષા બેઠક યોજાશે. દરમિયાન અન્ય વરિષ્ઠ અધિકારીઓ સહિત જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હા, ગૃહ સચિવ ગોવિંદ મોહન, જાસૂસી સંસ્થા તેમજ રૉ જેવી સંસ્થાઓના વડા પણ ઉપસ્થિત રહેશે.

# JK TERROR ATTACK

જમ્મુ-કાશ્મીરમાં ગઈકાલે દક્ષિણ કાશ્મીર અને કુલગામ જિલ્લામાં થયેલા આતંકી હુમલામાં એક પૂર્વ સૈનિકનું મોત નીપજ્યું છે. સુરક્ષા સૂત્રોએ જણાવ્યું કે, આતંકવાદીઓએ કુલગામના બેહીબાગ વિસ્તારમાં પૂર્વ સૈનિક અને તેમનાં પત્ની અને પુત્રી પર હુમલો કર્યો હતો. ત્યારબાદ ત્રણેયને ઈજાગ્રસ્ત હાલતમાં હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત પૂર્વ સૈનિકનું મોત નીપજ્યું હતું.

હુમલામાં ઈજાગ્રસ્ત તેમનાં પત્ની અને પુત્રીની હાલત પણ સ્થિર હોવાનું જણાયુ છે. હુમલાખોરોને પકડવા સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે. જ્યારે ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ હુમલાની ટીકા કરી છે.

જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ પૂર્વ સૈનિક મંજૂર અહમદ વાગેને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમજ તેમના પરિવાર પર થયેલા આતંકી હુમલાની આકરી ટીકા કરી હતી. ઉપરાંત તેમણે ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના પણ કરી હતી.

# RAILWAY BUDGET VAISHNAW

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં રેલવે સુવિધાઓના આધુનિકીકરણ અને વિસ્તરણ કરવાનું અભિયાન શરૂ કર્યું છે. આ માટે 13 હજાર 955 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં ગઈકાલે માધ્યમો સાથેના સંવાદમાં શ્રી વૈષ્ણવે કહ્યું, રેલવેએ પશ્ચિમ બંગાળમાં 68 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આ વર્ષના કેન્દ્રીય અંદાજપત્રમાં 100 નવી અમૃત ભારત ટ્રેનને મંજૂરી આપવામાં આવી હોવાનું પણ શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું.

**(બાઈટઃ અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવે મંત્રી)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

# MAHAKUMBH BHUTAN NARESH

**હવે મહાકુંભના સમાચાર...**

## (ઑપનિંગ મ્યૂઝિક)

ભૂતાનના નરેશ જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક મહાકુંભનો લ્હાવો લેવા આજે પ્રયાગરાજ જશે. તેઓ ત્રિવેણી સંગમ પર પવિત્ર ડૂબકી લગાવશે. આ મુલાકાતના સંદર્ભમાં શ્રીવાંગચુક ગઈકાલે ઉત્તરપ્રદેશની રાજધાની લખનઉ પહોંચ્યા હતા. ગઈકાલે વસંતપંચમીના દિવસે ત્રીજા અમૃત સ્નાન દરમિયાન 2 કરોડ 33 લાખથી વધુભક્તોએ પવિત્ર ડૂબકી લગાવી હતી. સાંભળીએ એક અહેવાલ...

**(વૉઈસકાસ્ટઃ દિપેન્દ્ર કુમાર)**

## (ક્લોઝિંગ મ્યૂઝિક)

# DELHI POLLS

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી માટે યોજાનારા મતદાન માટેની તમામ તૈયારી અને વ્યવસ્થા કરવામાં આવી છે. 70 વિધાનસભા બેઠક ધરાવતા દિલ્હીમાં આવતીકાલે સવારે સાત વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે. દરમિયાન એક કરોડ 56 લાખથી વધુ મતદાર 699 ઉમેદવારના ભાવિનો નિર્ણય કરશે. ચૂંટણી માટેની મતગણતરી આ શનિવારે કરાશે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી માટેનો પ્રચાર ગઈકાલે સાંજે પૂર્ણ થયો હતો.

# TRUMP TARRIF DELAY

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે મૅક્સિકો પર લગાવેલા ટેરિફને એક મહિના સુધી મુલતવી રાખ્યો છે, જેનાથી બંને દેશ વચ્ચે કોઈ સમજૂતી થવાની શક્યતા છે. શ્રી ટ્રમ્પે કહ્યું, મેક્સિકોનાં રાષ્ટ્રપ્રમુખ ક્લાઉડિયા શિનબામ સાથે તેમણે મૈત્રીપૂર્ણ સંવાદ કર્યો. તેમણે કહ્યું, મૅક્સિકોનાં રાષ્ટ્રપ્રમુખ અન્ય ગેરકાયદે પ્રવાસીઓને રોકવા અમેરિકા-મૅક્સિકો સરહદ પર 10 હજાર સૈનિકને મોકલવા પર સંમત થયાં છે. શ્રી ટ્રમ્પે ઉમેર્યું, કેનેડા સાથે ચર્ચા ચાલી રહી હતી, જેમાં કેનાડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડો સાથે વાતચીત પણ સામેલ છે.

ઉલ્લેખનીય છે કે, મૅક્સિકો અને કેનેડાની નિકાસ પર 25 ટકા અને કેનેડાની ઊર્જાનિકાસ પર 10 ટકા તેમજ ચીનની નિકાસ પર 10 ટકાનો ટેરિફ વધારો આજથી લાગુ થવાનો હતો.

# SINGAPORE SMASH TABLE TENNIS

સિંગાપુરમાં આજે સાંજે સિંગાપુર સ્મેશ વિશ્વ ટૅનિસ સ્પર્ધાની મિક્સ્ડ ડબલ્સ પ્રિ-ક્વાર્ટર ફાઈનલ રમાશે. આ મેચમાં ભારતના માનુષ શાહ અને દિયા ચિતાલે મૅક્સિકોના માર્કોસ મેડ્રિડ અને અરાંત્ક્સા કોસિયોનો જોડી સામે રમશે. ભારતીય સમય મુજબ આ મેચ બપોરે સાડા 3 વાગ્યે શરૂ થશે.

આ તરફ મહિલા ડબલ્સ સ્પર્ધામાં ભારતનાં અહિકા મુખરજી અને સુતિર્થા મુખરજી થાઈલૅન્ડનાં સુથાસિની સાવેટ્ટાબટ અને ઑરાવાન પરાનાંગ સામે રમશે. ભારતીય ખેલાડી યશશ્વિની ઘોડપડે અને ઑસ્ટ્રેલિયાનાં તેમનાં જોડીદાર મિન્હ્યુન્ગ જી આજે સવારે સ્વિડનના લિન્ડા બર્ગસ્ટ્રૉમ અને ક્રિસ્ટિના કાલબર્ગ સામે રમશે.

આ પહેલા મહિલા સિંગલ્સમાં ભારતનાં મુખ્ય ખેલાડી શ્રીજા અકુલા ચીનનાં હે ઝુઓજિયા સામે 3-2થી હારી ગયાં હતાં. તેમનાં સાથી મનિકા બત્રા પણ રોમાનિયાનાં એલિજાબેટા સમારાથી 3-1થી હાર્યા હતાં. જ્યારે શરૂઆતના રાઉન્ડમાં યશશ્વિની ઘોડપડે જાપાનનાં મિવા હારિમોતો સામે ત્રણ શૂન્યથી હારી ગયાં હતાં.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- આજના અખબારોમાં ટેરિફ વોરને કારણે ભારત સહિતના ચલણ ગગડ્યા અને મહાકુંભમાં અમૃત સ્નાન માટે બે કરોડથી વધુ લોકો ઉમટ્યા અને દિલ્હી વિધાનસભાની ચૂંટણી પ્રચારના પડઘમ શાંત સહિતના સમાચાર મુખ્ય પેજ ઉપર જોવા મળી રહ્યાં છે
- ગુજરાત સમાચારે લખ્યું છે કે –ટેરિફ વોરઃ ભારત,. મેક્સિકો, કેનેડા અને ચીનના ચલણમાં કડાકો
- સંદેશની હેડલાઇન્સ રૂપિયો ઓલ ટાઇમ લો, 67 પૈસા ગગડીને રૂ 87.29 છે
- નવ ગુજરાત સમયે સંસદના સમાચારને પ્રાધાન્ય આપીને સંસદમાં કુંભ દુર્ઘટના મુદ્દે સરકાર- વિપક્ષ બાખડ્યાના સમાચાર મુખ્ય શિર્ષક હેઠળ પ્રસિધ્ધ કર્યા છે
- દિવ્ય ભાસ્કરે પહેલા પેજ ઉપર મહાકુંભના અમૃત સ્નાનના સમાચાર તસવીર સાથે પ્રસિધ્ધ કરીને લખ્યું છે કે મેળમાં વાહનો અટકાવ્યા , તમામ પોન્ટૂન પુલ ખુલ્લા મૂક્યા , ભીડને અટકવા ન દીધી બે કરોડ શ્રધ્ધાળુઓએ અમૃત સ્નાન કર્યું
- આ ઉપરાંત તમામ અખબારોએ ચંદ્રિકા ટંડનને ગ્રેમી એવોર્ડથી નવાજવામાં આવ્યા તે સમાચાર પણ તસવીર સાથે પ્રસિધ્ધ કર્યા હતા.
- જ્યારે સ્થાનિક અને રાજ્યના સમાચારમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારોપત્રોની ચકાસણી તેમજ સ્થાનિક સ્તરે થઇ રહેલા રાજકરણના સમાચાર છાપ્યાં છે.
- સ્પોર્ટસ્ પેજ ઉપર અડર-19 મહિલા ટી-20 વર્લ્ડ કપ વિજેતા ભારતીય મહિલા ટીમ ઉપર નાણાનો વરસાદ અને આગામી ચેમ્પિયન્સ ટ્રોફી અંગેના અલગ અલગ સમાચાર પણ જોવા મળી રહ્યાં છે.